ગાંધીનગર સમાચાર

# ભારતની અંતરિક્ષના ક્ષેત્રમાં ઐતિહાસિક સિદ્ધિ

## ચીન અને જાપાન નિષ્ફળ રહ્યા છે ત્યારે ભારતને સફળતા : મિશન ઉપર ૪૫૦ કરોડનો ખર્ચ

બેંગલોર ,તા. ૨૪

ભારતે અંતરિક્ષના ક્ષેત્રમાં આજે મોટી ઐતિહાસિક હરણફાળ ભરી હતી. મંગળયાન સફળતાપૂર્વક મંગળની પરિભ્રમણ કક્ષામાં પ્રથમ પ્રયાસમાં જ ગોઠવાઈ જતા દેશભરમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું હતું. ભારત વિશ્વમાં પ્રથમ એવુ દેશ બની ગયું છે જે દેશે પ્રથમ જ પ્રયાસમાં આવુ કામ કરવામાં સફળતા મેળવી છે.મંગળ મિશનની સફળતાની સાથે ભારત એવા ખૂબ ઓછા દેશોની યાદીમાં સામેલ થયું છે. જે આમાં સફળ રહ્યા છે. ભારત અગાઉ અમેરિકા અને રશિયા મંગળ માટે યાન મોકલી ચુક્યા છે. ૧૯૬૦માં રશિયાએ પ્રથમ વખત આનો પ્રયાસ કર્યો હતો. આજે અમેરિકી યાન મંગળની સપાટી પર પહોંચીને રાતા ગ્રહના રહસ્યોનો પર્દાફાશ કરી રહ્યું છે. સેંકડો હજારો રહસ્યોને જાણવા માટે દુનિયાના દેશો પ્રયાસ કરી રહ્યા છે ત્યારે ભારત પણ આમાં સામેલ થયું છે. ચીન અને જાપાનના હજુ સુધીના પ્રયાસ નિષ્ફળ રહ્યા છે. જ્યારે અમેરિકાને મંગળ સુધી પહોંચવામાં સાત પ્રયાસો કરવા પડ્યા હતા. ૪૫૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે એમઓએમને ખૂબ ઓછા ખર્ચવાળા મિશન તરીકે ગણવામાં આવે છે. નાસાના મંગળયાનમાં વેન કરતા આનો ખર્ચ ૧૦મા હિસ્સાનો છે. સવારે ૭.૧૭ મિનિટે ૪૪૦ ન્યુટન લિક્વીડ એપોજી મોટર યાનને મંગળની સપાટીમાં પ્રવેશ કરાવવા થ્રસ્ટર્સની સાથે ઝડપથી સક્રિય થયેલી પ્રક્રિયા ઉભી કરાઈ હતી. યાનની ગતિને ૨૨.૧ કિમી પ્રતિ સેકેન્ડથી ઘટાડીને ૪.૪ કિમી પ્રતિ સેકેન્ડ કરાઈ હતી. ત્યારબાદ યાનમાં મુકવામાં આવેલા કમાન્ડથી માર્સ ઓર્બિટર ઈન્સર્શનની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. છેલ્લી ઘડીએ ઈસરોના વૈજ્ઞાનિકો પણ ખૂબ જ



સસ્પેન્સની સ્થિતિમા દેખાયા હતા. જ્યારે ઈસરોએ સફળતાની જાહેરાત કરી ત્યારે ખુશીનું મોજું ફરી વળ્યું હતું. ઈસરોના અધ્યક્ષ કે રાધાકૃષ્ણનને વડાપ્રધાને અભિનંદન આપ્યા હતા. આ સફળતાથી સ્પેસ બિજનેશના મામલામાં ભારતે મોટી સિદ્ધી હાંસલ કરી છે. આનાથી વિદેશી સેટેલાઈટ લોન્ચ કરવા માટે નવા ઓર્ડર મળશે.દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઐતિહાસિક સફળતાના સાક્ષી તરીકે રહ્યા હતા. મોદી પોતે સ્થળ પર પહોંચ્યા હતા. ઈસરોના વૈજ્ઞાનિકોને જુસ્સો વધારવા માટે મોદી પહોંચ્યા હતા. મંગળયાન સફળ રીતે મંગળની પરિભ્રમણ કક્ષામાં પહોંચી જતા દેશમાં અને ઈસરો ખાતે ઉજવણીનુ મોજુ શરૂ થઈ ગયું હતુ. સવારે આ દિલધડક પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તમામ વૈજ્ઞાનિકો અને સંરક્ષણ નિષ્ણાંત હાજર રહ્યા હતા. તેમનામાં ભારે ઉત્સુકતા પણ હતી. માર્શ ઓર્બિટર મિશન સ્પેસક્રાફ્ટ એટલે કે મંગળયાનની ગતિ ધીમી કરવામાં આવી હતીઅત્રે નોંધનીય છે કે, છેલ્લા નવ મહિનાથી અંતરિક્ષ યાત્રામાં રહેલા ભારતના મંગળ યાનના એન્જિનનું હાલમાં સફળ ટેસ્ટ ફાયર કરાતા ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. મંગળ યાનના મુખ્ય એન્જિનને ચાર સેકન્ડ સુધી ચલાવીને ટેસ્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ ટેસ્ટ બાદ ઈસરોએ કહ્યું હતું કે, નિશ્ચિત કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ એન્જિનને ચાર સેકન્ડ સુધી ખુબ જ સાવધાનીપૂર્વક ચાલુ કરવામાં આવ્યું હતું. મંગળ ગ્રહની નજીક પહોંચી ગયેલા મંગળ યાનનું એન્જિન સંપૂર્ણપણે સમગ્ર યાત્રા દરમિયાન નિષ્ક્રિય હતું પરંતુ હાલમાં તેને ચાર સેકન્ડ સુધી ચલાવીને ટેસ્ટની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મંગળયાન આ અગાઉ સોમવારે સવારે મંગળના ગુરુત્વાકર્ષણ પ્રભાવ ક્ષેત્રમાં પ્રવેશ્યું હતું. નવી પ્રક્રિયા હાધ ધરાઈ હતી.ગયા વર્ષે ૫મી નવેમ્બરના દિવસે મંગળયાન લોંચ કરવામાં આવ્યા બાદ અંતરિક્ષના હવામાનની સ્થિતિનો સામનો કરવામાં સફળતા મેળવી છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ પણ તમામ ભારતીયોને અભિનંદન આપ્યા છે.

### નાસા અને માવેન ટીમના પણ ઇસરોને અભિનંદન

ભારતના મંગળયાનને મંગળની પરિભ્રમણ કક્ષામાં સ્થાપિત કરવામાં સફળતા મળ્યા બાદ અમેરિકી અંતરીક્ષ સંસ્થા નાસા અને માવેનની ટીમે પણ ભારતીય યાન મંગળની સફળતા બદલ ઈસરોને અભિનંદન આપ્યા છે. નાસાના મંગળયાન માવેન ઉપર જે ખર્ચ થયો હતો તેની સરખામણીમાં ભારતીય મંગળયાન ઉપર ૧૦મા હિસ્સાનો ખર્ચ થયો છે. ૪૫૦ કરોડના ખર્ચથી મંગળયાન તૈયાર થતાં ઈસરોએ દુનિયાના દેશોને આશ્ચર્યચકિત કરી દીધા છે. મંગળના રહસ્યો જાણવા માટે હાલમાં ૭ મિશન કામ કરી રહ્યા છે. આ તમામ અમેરિકી મિશન છે. છેલ્લે માવેને સફળતા મેળવી હતી. નાસા તરફથી ઈસરોના તમામ વૈજ્ઞાનિકોને શુભેચ્છા પાઠવવામાં આવી છે.

## ૪ સિવાય તમામ કોલસા બ્લોકની ફાળવણી સુપ્રીમે આખરે રદ કરી

નવીદિલ્હી ,તા. ૨૪

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે ૨૧૪ કોલસા બ્લોકની ફાળવણીને રદ કરવાનો આદેશ કર્યો હતો. સાથે સાથે તેમની કામગીરીને સમેટી લેવા માલિકોને છ મહિનાની મહેતલ આપી હતી. જસ્ટિસ મદન બી લાકુર અને કુરિયન જોસેફની બનેલી બેંચે માઈનિંગ કંપનીઓને કોલસા બ્લોકમાં તેમના ઓપરેશનને સમેટી લેવા છ મહિનાનો સમય આપ્યો છે. બીજી બાજુ સુપ્રીમ કોર્ટે ચાર કોલસા ખાણની ફાળવણીને જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, આ બ્લોકના મેનેજમેન્ટને આગામી છ મહિના સુધી કાઢવામાં આવેલા કોલસા પર ૨૯૫ રૂપિયાની રોયલ્ટીની ચુકવણી કરવી પડશે. સુપ્રીમ કોર્ટે આજે આ મુજબનો આદેશ કરતા કોલસા કંપનીઓમાં ખળભળાટ મચી ગયો હતો. ચીફ જસ્ટિસ આરએમ લોધાના નેતૃત્વમાં બેંચે જે ચાર બ્લોકને બચાવી લીધા છે તેમાં એનટીપીસી અને સેલ સાથે જોડાયેલા એક એક બ્લોકનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય બે બ્લોક સાસણ અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટના છે તેમને રદ કરવામાં આવ્યા નથી. સુપ્રીમ કોર્ટની બેંચે આ મુજબનો આદેશ આપતા સોંપો પડી ગયો હતો. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, ફાળવણીને રદ કરવા માટે તે તૈયાર છે તેવું સરકાર વલણ રહ્યું છે જે યોગ્ય લાગે છે. બેંચે કંપનીઓને કેટલાક આદેશો આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૨૫મી ઓગસ્ટના દિવસે કહ્યું હતું કે, ૧૯૯૩ બાદથી તમામ કોલસા બ્લોકની ફાળવણી ગેરકાયદે છે. કોલસા બ્લોકની ફાળવણીને લઈને છેલ્લા ઘણા સમયથી ભારે વિવાદ રહ્યો છે. આ કેસમાં અગાઉની સુનાવણી દરમિયાન અગાઉની યુપીએ સરકારે કોલસા બ્લોકની ફાળવણીને રદ કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, જુદી જુદી કંપનીઓ દ્વારા બે લાખ કરોડનું રોકાણ કરવામાં આવી ચુક્યું છે. આવી સ્થિતિમાં ફાળવણી રદ કરવાથી ભારે નુકસાન થશે. સુપ્રીમ કોર્ટના ચાર સિવાયના તમામ કોલસા બ્લોકની ફાળવણીને રદ કરવાના નિર્ણયને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આને લઈને જુદી જુદી સરકારોએ તેમની પ્રતિક્રિયા આપી હતી. ઘણા રાજકીય પક્ષોએ પણ ક્રેડિટ લેવાના પ્રયાસો કર્યા હતા. સુપ્રીમ કોર્ટે ૧૯૯૩થી ૨૦૧૦ વચ્ચેના ગાળામાં ફાળવવામાં આવેલા ૨૧૮ કોલસા બ્લોક પૈકી ૨૧૪ને રદ કરવાનો આદેશ કર્યો છે. સરકારી એકમોને જોઈન્ટ વેન્ચર વગર ફાળવણી કરવામાં આવી હતી. એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ કહ્યું હતું કે, જે કંપનીઓ હાલમાં ખાણમાંથી કોલસા કાઢી રહી છે તે ૩૧મી માર્ચ ૨૦૧૫ સુધી આ પ્રક્રિયા જારી રાખી શકે છે પરંતુ આના માટે ૨૯૫ રૂપિયા પ્રતિટનના હિસાબથી દંડની ચુકવણી કરવી પડશે. સુપ્રીમે કહ્યું છે કે, ફાળવણી રદ કરવા માટે કોઈ કારણ નથી. સુપ્રીમ કોર્ટે અગાઉ ૨૫મી ઓગસ્ટના દિવસે મહત્વપૂર્ણ તારણો આપ્યા હતા. તિજોરીને થનાર નુકસાનના સંદર્ભમાં પણ તારણો આપવામાં આવ્યા છે. કેગના તારણોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે. કેગ એવા તારણ ઉપર પહોંચ્યું હતું કે, ખાણના ઓપરેશનમાં નહીં રહેવાના લીધે પ્રતિટન ૨૯૫ રૂપિયાનું નુકસાન થયું છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અભિનંદન આપ્યા

## વૈજ્ઞાનિકોને અશક્ય વાત શક્ય કરવાની ટેવ પડી છે

બેંગલોર ,તા. ૨૪

અંતરિક્ષના ક્ષેત્રમાં ભારતે





હાંસલ કરેલી મોટી સિદ્ધીના સાક્ષી તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ રહ્યા હતા. આ ઐતિહાસિક પ્રસંગે વડાપ્રધાને તેમનુ સંબોધન પૂર્ણ કરીને ઈસરો સેન્ટર પર હાજર રહેલા તમામ વૈજ્ઞાનિકોને અભિનંદન આપ્યા હતા સાથે તેમની તેમની કામગીરીની ભારે પ્રશંસા કરી હતી. મંગળયાનની સફળતા પર વાત કરતા મોદીએ કહ્યું કે, આના માટે અસલ હકદાર દેશના વૈજ્ઞાનિકો છે. ઈસરોમાં પોતે ઉપસ્થિત રહેલા મોદીએ કહ્યું હતું કે, આજે મોમ સાથે મંગળનું મિલન થયું છે. મિશન સફળ રહેશે તેમ તેઓ પહેલાથી જ માની રહ્યા હતા. મોદીએ આ પ્રસંગે કહ્યું હું કે અમે પોતાના માટે વધુ પડકારના લક્ષ્યાંક રીખીએ તે જરૂરી છે. આ પડકારનોને હાંસલ કરવા માટે વધુ મહેનત કરીએ તે પણ જરૂરી છે. વડાપ્રધાને કહ્યું હતું કે અંતરિક્ષ કાર્યક્રમની સફળતા દર્શાવે છે કે અમે શુ કરવાની ક્ષમતા ધરાવીએ છીએ. ૬૫૦ મિલિયન કિલોમીટરથી વધારે યાત્રા કરીને અમે માનવની કલ્પનાની હદ કરતા પણ આગળ પહોંચી ગયા છીએ. તેમણે કહ્યું હતું કે ભારતીય વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતો દરેક સિદ્ધી હાંસલ કરવાની સ્થિતીમાં છે. તેમણે કહ્યું હતું કે જ્યારે કામ મંગલનુ હોય છે ત્યારે ઈરાદા મંગલ હોય છે. જેથી મંગલની યાત્રા પણ મંગલ હોય છે. મોદીએ કહ્યું હતું કે સિનિયર વૈજ્ઞાનિકોની પરંપરાને આગળ વધારવામાં આવી છે. તમામ વૈજ્ઞાનિકો પ્રેમના અધિકારી છે. અમારી ટીમ જ્યારે કોઈ કપ જીતે છે ત્યારે દેશના લોકો ઝુમી ઉઠે છે. વૈજ્ઞાનિકોની આ સિદ્ધી તેના કરતા પણ હજારો ગણી મોટી છે. આ ગર્વની બાબત છે. મોદીએ કહ્યું હતું કે અટલ બિહારી વાજપેયીના વિજને અમને ચન્દ્ર સુધી પહોંચાડ્યા હતા. ભવિષ્યમાં પણ અમે આવી જ પ્રકારની નવી નવી સિદ્ધીઓ તરફ આગળ વધતા રહીશુ. મોદીએ કહ્યું હતું કે વૈજ્ઞાનિક સમુદાય અને યુવા પેઢીના જોસના કારણે ભારત ફરી એકવાર જગત ગુરૂ બની શકે છે. ઈસરોના વૈજ્ઞાનિકોને અશક્ય બાબતને શક્ય કરવાની ટેવ પડી ગઈ છે. આત્મનિર્ભરતા ઉભી કરવામાં આવી છે. જે દેશના લોકો માટે ગર્વની બાબત છે. તેમણે કહ્યું હતું કે કોઈ પણ દેશ હજુ સુધી પ્રથમ પ્રયાસમાં સફળ રહ્યા નથી. તેમણે કહ્યું હતું કે જો નિષ્ફળતા મળશે તો પહેલી જવાબદારી વૈજ્ઞાનિકો પ્રત્યે તેમની છે. મોદીએ કહ્યું હતું કે તેઓએ થોડાક દિવસ પહેલા જ લખ્યું હતું કે જો અમને નિષ્ફળતા મળે છે તો ટિકા ટિપ્પણીનો સામનો કરવો પડે છે. સફળ રહીએ છીએ ત્યારે પણ ટિકા થાય છે.

મોદીએ કહ્યું હતું કે પ્રથમ પ્રયાસમાં જ સફળતા મેળવી મોટી બાબત છે. તેઓ દેશના વૈજ્ઞાનિકોને સલામ કરે છે. મોદીએ વધુમાં કહ્યું હતું કે જ્યારે આનુ નામ એમઓએમ રાખવામાં આવ્યું હતું ત્યારે તેઓ સમજી ગયા હતા કે માતા પોતાના પુત્રને ક્યારેય નિરાશ કરતી નથી. મોદી આ પ્રસંગે ખુબ જ ખુશ નજરે પડી રહ્યા હતા. ઈસરોના વૈઆનિકો દ્વારા છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી.

### ચીન, અમેરિકા અને દક્ષિણ કોરિયા ખુબ આગળ

## વિજ્ઞાનના ક્ષેત્રમાં રોકાણના મામલે ભારત ખુબ પાછળ

મુંબઈ,તા. ૨૪

તાજેતરમાં જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત તેના નજીકના હરિફ દેશો ચીન, અમેરિકા અને દક્ષિણ કોરિયાની સરખામણીમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં ખુબ ઓછુ રોકાણ કરે છે. આ તમામ દેશો ભારત કરતા વિજ્ઞાનના સંશોધનમાં વધારે નાણાંનો ઉપયોગ કરે છે. થિંક ટેન્ક દ્વારા જારી કરવામાં આવેલા અભ્યાસમાં ।દાવો કરવામાં આવ્યો છે કે ભારત વિજ્ઞાનના સંશોધન પાછળ જીડીપીના ૦.૮૮ ટકા રકમનુ રોકાણ કરે છે. જ્યારે અમેરિકા તેના જીડીપીના ૭-૮ ટકા અને દક્ષિણ કોરિયા ૩-૪ ટકા રકમનુ રોકાણ કરે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતના આરએન્ડડી પૈકી ૨૫ ટકા રકમ મૂળભૂત સંશોધનમાં ખર્ચ કરવામાં આવે છે. ચીન મૂળભૂત સંશોધન પર માત્ર પાંચ ટકા રકમ ખર્ચ કરે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં થિયેરી આધારિત શિક્ષણ પ્રેકટિકલ વિશ્વ કરતા અલગ છે. ભારતના વિજ્ઞાન અને એન્જિનિયરિંગ પીએચડી લોકો પણ પાછળ રહી ગયા છે. ઓબ્જર્વર રિસર્ચ ફાઉન્ડેશનના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે અન્ય દશોની સરખામણીમાં ભારત વિજ્ઞાનના ક્ષેત્રમાં પાછળ છે.

ઓઆરએફ ચેરમન સુરિન્દ્ર કુલકર્ણીએ કહ્યું હતું કે ડિગ્રી સર્ટિફિકેટ અને એજ્યુકેશન વચ્ચે ખુબ અંતર છે. જેના લીધે સમસ્યા ઉભી થાય છે. ભારતમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં રોકાણની રકમ વધે અને વધુને વધુ પ્રાથમિકતા આને આપવામાં આવે તે જરૂરી છે. વિશ્વના દેશો હવે વિજ્ઞાનને વધુ પ્રાથમિકતા આપી રહ્યા છે. અલબત્ત ભારતમાં પણ આને હવે પહેલા કરતા વધારે મહત્વ આપવામાં આવી રહ્યું છે પરંતુ તેમાં વધારે ધ્યાન આપવાની જરૂર છે.

## ઈન્ફોસિસ કંપનીએ તેના કર્મચારીઓને ટ્વિટર અને ફેસબુકનો ઉપયોગ કરવાની મંજુરી આપી

મુંબઈ,તા. ૨૪

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ઈન્ફોસિસ કંપનીએ તેના કર્મચારીઓને ટ્વિટર અને ફેસબુકનો ઉપયોગ કરવાની મંજુરી આપી દીધી છે. ઈન્ફોસિસ લિમિટેડના નવા સીઈઓ દ્વારા નવા અભિગમને અપનાવવામાં આવતા તેની સીધી અસર અન્ય કંપનીઓ ઉપર થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ઈન્ફોસિસમાં નવા પ્રાણ ફૂંકવાના હેતુસર હાલમાં નવા સીઈઓ દ્વારા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કંપનીના નવા સીઈઓ વિશાલ સિક્કા દ્વારા કેટલાક નવા પગલાઓ લેવાયા છે. કર્મચારીઓ અને ટોચના કારોબારીઓના પગારમાં અનેકગણો વધારો પણ હાલમાં કરવામાં આવ્યો છે. સ્પર્ધાત્મકરીતે કંપનીને આગળ લઈ જવા માટે તૈયારી હાથ ધરાઈ છે. ભારતની મહાકાય આઉટસોર્સિંગ કંપની ઈન્ફોસિસની હાલત છેલ્લા ઘણા દિવસથી કફોડી બનેલી છે. તેની હરીફ કંપનીઓ આગળ દેખાઈ રહી છે. પશ્ચિમી દેશોમાંથી કોન્ટ્રાક્ટ મેળવવા હરીફ કંપનીઓ આગળ નીકળી ગઈ છે. આજકારણસર વિશાલ સિક્કાએ કર્મચારીઓને ટ્વિટર અને ફેસબુકનો ઉપયોગ કરવા સૂચના આપી છે. ટેલેન્ટને જાળવી રાખવા માટે સિક્કા દ્વારા નવી પહેલ કરવામાં આવી છે. માહોલને કર્મચારીલક્ષી જાળવી રાખવાના પ્રયાસ થઈ રહ્યા છે. ઓક્ટોબર મહિનાથી કંપનીના ૧૬૦૦૦૦ કર્મચારીઓ નોકરી ઉપર તેમના પર્સનલ સાધનોથી ફેસબુક અને ટ્વિટરનો ઉપયોગ કરી શકશે. માનવ સંશાધન ભારતમાં ૧૦૮ અબજ ડોલરના આઉટસોર્સિંગ સેક્ટર માટે મહત્વપૂર્ણ છે. આઈટી કંપનીઓ દર વર્ષે સેંકડો ગ્રેજ્યુએટ લોકોની ભરતી કરી રહી છે. કંપની તેના નેટ નફામાં ૨૧ ટકાનો વધારો કરે તેવા સંકેત છે. કંપનીમાં રાહતનું મોજુ ફરી વળ્યું છે.

## આસામ-મેઘાલયમાં પુરથી મૃત્યુઆંક વધીને ૫૫

ગુવાહાટી,તા. ૨૪

આસામ અને મેઘાલયમાં પુરની વિકટ સ્થિતિ ઉભી થઈ ગઈ છે. પુરગ્રસ્ત ઉત્તરપૂર્વમાં ૫૫ લોકોના મોત થઈ ચુક્યા છે. મેઘાલયમાં મોતનો આંકડો વધીને ૩૫ ઉપર પહોંચ્યો છે. મેઘાલયના મુખ્યમંત્રીનું કહેવું છે કે, તાજેતરના સમયમાં સૌથી વિનાશકારી પુરની સ્થિતિ હાલમાં સર્જાઈ છે. ખરાબ હવામાનની અસર પણ જોવા મળી રહી છે. મેઘાલયના મુખ્યમંત્રી મુકુલ સાંગ્માએ કહ્યું છે કે, રાજ્યમાં ૩૫ લોકોના મોત થઈ ચુક્યા છે. ૨૦થી વધુ લોકો હજુ પણ લાપતા થયેલા છે. એલર્ટની જાહેરાત કરવામાં આવેલી છે. મેઘાલયની સાથે સાથે પડોશી રાજ્ય આસામમાં પણ આવી જ સ્થિતિ થયેલી છે. આસામમાં લાખો લોકો પુરના સકંજામાં છે. પાટનગર શહેર ગુવાહાટીમાં સૌથી માઠી અસર થઈ છે. ભેખડો ધસી પડવાના અને વિજળીના કરંટથી ગુવાહાટીમાં પાંચના મોત થયા છે. આસામમાં ૩૫૦૦૦૦ જેટલા લોકોને સુરક્ષિતરીતે ખસેડાવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મેઘાલયમાં ગારો પહાડી વિસ્તારમાં પુર અને વરસાદથી મોતનો આંકડો વધ્યો છે. હજુ પણ મોટી સંખ્યામાં લોકો લાપતા હોવાનું જાણવા મળ્યું છે. જેથી મોતનો આંકડો વધે તેવી શક્યતા છે. છેલ્લા ૩૬ કલાકથી પડી રહેલા અવિરત વરસાદના કારણે ત્રણ લાખથી પણ વધુ લોકોને માઠી અસર થઈ છે. ૨૦ હજારથી વધુ લોકોને રાહત કેમ્પમાં ખસેડાયા છે. ગારો પહાડી પ્રદેશમાં ઓછામાં ઓછા ત્રણ જિલ્લાઓને પુરગ્રસ્ત જાહેર કરાયા છે.

## કાશ્મીર પુરમાં મુલ્યાંકન માટે ખાસ પેનલ રચાઈ


નવીદિલ્હી, તા. ૨૪

જમ્મુ કાશ્મીરમાં વિનાશકારી પુર બાદ હવે સુપ્રીમ કોર્ટ દ્વારા રાજ્યમાં પરિસ્થિતિના મુલ્યાંકન માટે એક ખાસ પેનલની રચના કરવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના સિનિયર રજિસ્ટ્રારના નેતૃત્વમાં પાંચ સભ્યોની આ સમિતિની રચના કરવામાં આવી છે જે વિનાશક પુર બાદ ઉભી થયેલી સ્થિતિમાં મૂલ્યાંકન કરશે. સુપ્રીમ કોર્ટે બે સપ્તાહની અંદર અહેવાલ રજૂ કરવા આ સમિતિને સૂચના આપી છે. જમ્મુ કાશ્મીર હાઈકોર્ટમાં પણ અહેવાલ રજૂ કરવો પડશે. બીજી બાજુ જમ્મુ કાશ્મીર સરકારે કોર્ટમાં કહ્યુંછે કે, પીવાના પાણીને લઈને વિકટ સમસ્યા ઉભી થયેલી છે. તમામ પુરગ્રસ્ત વિસ્તારોમાં અસરગ્રસ્ત લોકો સુધી આગામી ત્રણ દિવસની અંદર પીવાનું પાણી પહોંચાડવામાં આવશે. જમ્મુ કાશ્મીરમાં છેલ્લા કેટલાક દશકના સૌથી વિનાશકારી પુરની સ્થિતિ હાલમાં ઉભી થઈ હતી જેના કારણે લાખો લોકોને અસર થઈ હતી. સેકડો લોકોના મોત થયા હતા. મોટી સંખ્યામાં લોકો હજુ પણ રાહત છાવણીમાં રહે છે.

## સિરિયામાં અમેરિકાના હવાઈ હુમલામાં આઈએસને નુકસાન

વોશિગ્ટન,તા. ૨૪

અમેરિકા અને પાંચ અરબ દેશોએ મળીને સિરિયામાં કરેલા ભીષણ હવાઈ હુમલમાં આઈએસ અને અલ કાયદાના ૧૨૦થી વધારે ત્રાસવાદીઓ માર્યા ગયા છે. ફાઈટર જેટ, બોમ્બર અને ટોમહોક મિસાઈલોનો ઉપયોગ



કરીને આઈએસના અડ્ડા પર મુખ્ય હુમલા કરવામાં આવ્યા હતા. જેથી ત્રાસવાદીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. ત્રાસવાદીઓમાં ભારે ભાગદોડ મચી ગઈ છે. સિરિયામાં આઈએસના ત્રાસવાદીઓનો સફાયો કરવા અમેરિકાએ હુમલા શરૂ કરી દીધા છે. અન્ય એક અલગ પગલારૂપે પણ અમેરિકાએ સિરિયામાં જ અલ કાયદાના અડ્ડા પર પણ હવાઈ હુમલા કર્યા હતા. અમેરિકા અને પશ્ચિમ હિતો પર હુમલા કરવાની તૈયારી કરી રહેલા અલ કાયદાના પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે આ હુમલા કરવામાં આવ્યા હતા. અમેરિકી સેનાએ કહ્યું છે કે હવાઈ હુમલા ખુબ સફળ રહ્યા છે. પરંતુ હાલમાં હુમલાની અસર અંગે માહિતી આપી શકાય નહી. આઈએસઆઈએસના અડ્ડાને ફુંકી મારવામાં આવ્યા છે. મળેલી માહિતી મુજબ આઈએસના ત્રાસવાદીઓ, ટ્રેનિંગ કેમ્પ, હેડક્વાર્ટસ, સંકુળ અને અન્ય સ્થળોને ટાર્ગેટ બનાવીને હુમલા કરવામાં આવ્યા હતા. ડિરેક્ટર ઓફ ઓપરેસન લેફટી. જનરલ વિલિયમ દ્વાર પત્રકારોને માહિતી આપવામાં આવી હતી કે આ શરૂઆત છે. લડાઈ લાંબી ચાલનાર છે. આઈએસને સંપૂર્ણ પણે નષ્ટ કરવામાં આવનાર છે. સાઉદી અરેબિયા, જોર્ડન, બહેરીન, સંયુક્ત અરબ અમિરાત અને કતાર દ્વારા પણ અમેરિકાને સાથ આપવામાં આવી રહ્યો છે. અમેરિકા આ તમામ દેશો સાથે ખભાથી ખભા મિલાવીને લડવા માંગે છે. મંગળવારે યુએનજીએ માટે રવાના થતા પહેલા અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ કહ્યું હતું કે આઈએસની ગતિવિધીને ખતમ કરવામાં આવશે. તાજેતરમાં જ હુમલા કરવા માટે ઓબામાએ લીલીઝંડી આપી હતી.

## સમાચાર ઝલક

- ગરીબોને હવે ૭ કિલો અનાજ મળશે : ખાદ્ય મંત્રીશ્રી રામ વિલાસ પાસવાન.
- બાંધકામ ઉદ્યોગમાં હવે અઢળક વિદેશી રોકાણ આવશે.
- દેશના તમામ પૂર્વ વડાપ્રધાનોના જમાઈઓ અને કુટુંબીજનોએ વિદેશ પ્રવાસ માટે પૂર્વ મંજુરી લેવી પડશે.
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ૧૩૦૨ કરોડ રૂપિયા ગુજરાતમાં ડુબ્યા.
- મંગળ પછી સૂર્ય મિશનની તૈયારી કરી રહ્યું છે ઈસરો.
- સફેદ બ્રેડનું 'કાળું' સત્ય. ઉત્પાદન સમયે અનેક પોષકતત્વો નાશ પામે છે : વૈજ્ઞાનિક અભિગમ.
- અલકાયદાની કાળમુખી નજર ૧૨ રાજયોના પ્રદેશ ભાજપ કાર્યાલયો, રેલવે સ્ટેશનો, ધાર્મિક પર્યટન સ્થળો ઉપર.
- મુંબઈમાં ૧૦૫૭ સ્નાતકોએ ટેકસીની પરમીટ માટે કરી અરજી.
- રાજકોટમાં સગીરાની છેડતી કરી ચોટલો કાપી નાંખનારા બંને શખ્સને જાહેરમાં પોલીસે કુકડા બનાવી ફટકાર્યા.
- ફિલ્મ અભિનેતા શ્રી સંજય દત્ત પુનાની જેલમાં નવરાશના સમયે ચિત્રકામ કરે છે.
- આવકવેરાના તમામ કામો હવે એક છત્ર હેઠળ ઓનલાઈન થશે.
- ક્રિકેટ જગતના સુપ્રસિધ્ધ આંકડા શાસ્ત્રી આણંદજી ડોસાનું ૯૯ વર્ષની વયે અમેરિકામાં અવસાન.
- એસ.ટી. રિઝર્વેશનની કામગીરી હવે ખાનગી કંપનીને સૌંપવા નિર્ણય.
- વાંકાનેરમાં પાણી વિનાના ખાલી અને અવાવરૂ કુવામાં અજગર ત્રણ વર્ષ ખોરાક વિના જીવતો રહ્યો.
- હેલીકોપ્ટર સોદાબાજીમાં જાણીતા ઉદ્યોગપતિ શ્રી ગૌતમ ખેતાનની ધરપકડ અને રીમાન્ડ.